### ઉત્તર ગુજરાત બંધને લઇ ધાનેરાના હાઇવે પર

# પાટીદાર અને કોંગ્રેસ દ્વારા જાહેર રસ્તા પર ટાયર સળગાવી ચક્કાજામ કર્યું

ધાનેરામાં કોંગ્રેસ અને પાટીદાર સમાજ ધ્વરા ઉત્તર ગુજરાત બંધ ના એલાનને સમર્થન આપી ધારાસભ્ય સહીત ૩૦ જેટલા કોંગેર્સ કાર્યકરો ની અટકાયત કરવા આવી હતી.



ધાનેરા ના હાઈવે રસ્તા ટાયર સળગાવી રસ્તા રોક્યા હતા તો બીજી તરફ ધાનેરા પોલીસ ધ્વરા ધાનેરા

મહેસાણા ની જેલ માં પાટીદર યુવક ના મૃત્યુ ને લઈ સમગ્ર ઉત્તર ગુજરાત માં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે અને ઠેરઠેર બંધ ના એલાન પણ આપવામ આવ્યા છે ત્યારે આજે પાસ ધ્વરા સમગ્ર ઉત્તર ગુજરાત બંધ નું એલાન આપવામાં આવ્યું હતું જેમાં કોંગ્રેસ પણ જોડાઈ હતી અને આજે સવારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં પાટીદાર યુવકો સાથે ધાનેરા ના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ સહીત મોટી સંખ્યા કાર્યકરો જોડાયા હતા અને ધાનેરા અગ્રવાલ ત્રણ રસ્તા રેલવે પુલ પાર ટાયરો સળગાવી હાઈવે રોડ પર ચક્કાજામ કરવામાં આવ્યું હતું જેને લઈને હાઈવે પાર વાહનો ની બે કિલોમીટર જેટલી લાઈનો લાગી હતી અને ત્યાર બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી ધાનેરા ના ધારાસભ્ય સહીત ૩૦ જેટલા કોંગ્રેસ કાર્યકર્તાઓ ની અટકાયત કરી ટ્રાફિક ખુલ્લું કર્યું હતું.

આ બાબતે ધાનેરા ના ધારાસભ્યે જોઈતાભાઈ પટેલે જણાવ્યું હતું કે મહેસાણા માં પાટીદાર યુવક ની પોલીસ ધ્વરા અત્યાચાર કરી મોત નિપજાવેલ છે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી હતી.



**ઈડરના ગોકલપુરા-ધારાપુર ગામને જોડતા બ્રિજનું લોકાર્પણ**

સાબરકાંઠા જિલ્લાના ઈડર નજીકના ગોકલપુરા-ધારાપુર બ્રિજનું લોકાર્પણ વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદબોધન કરતા વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, ગોકલપુરા અને ધારાપુરને આસપાસના ગ્રામજનોની વર્ષો જૂની માંગણી સંતોષવામાં આવી છે. અંદાજીત એક કરોડના ખર્ચે તૈયાર થયેલ આ બ્રિજથી ગામલોકોના અવર જવર અને વાહન વ્યવસ્થા વધુ સરળ બનશે. ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીઓનો હવે અંત આવશે એમ અધ્યક્ષે ઉમેર્યુ હતું.

## મોડાસા કેળવણી મંડળ સંચાલિત મોડાસા હાઈસ્કૂલના શિક્ષકો દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મોડાસા કેળવણી મંડળ સંચાલિત મોડાસા હાઈસ્કૂલ, સર્વોદય, કલરવ તથા બી કનાઈના તમામ શિક્ષકોએ પર્યાવરણ દિવસ વિશિષ્ટ રીતે ઉજવ્યો. આગામી સમયમાં આપણે સૌ શિક્ષકો પર્યાવરણના જતન માટે શુ કરી શકીએ તે વિષય પર સૌ શિક્ષકોએ વિચાર ગોષ્ઠિ કરી. કેળવણી મંડળના પ્રમુખ તથા સર્વે સ્ટાફ મિત્રોએ કદમનુ વૃક્ષ વાવીને પર્યાવરણના જતનનો સંકલ્પ કર્યો.

# અરવલ્લી જિલ્લામાં 'પાસ'ના ઉત્તર ગુજરાત બંધ એલાનનો ફ્લોપ શો

અરવલ્લી, તા. ૮

બલોલના પાટીદાર યુવકની ચોરીના ગુન્હામાં ધરપકડ બાદ યુવક કેતન પટેલના પોલીસ કસ્ટડી દરમિયાન શંકાસ્પદ મૃત્યુને પગલે પાટીદારોમાં રોષ ફેલાયો છે. બુધવારે મહેસાણા અને વિસનગરમાં પાસ અને પાટીદાર સમાજે અપાયેલા બંધના એલાનના પગલે સજ્જડ બંધ રહ્યા બાદ પાસ કન્વીનરે સમગ્ર ઉત્તર ગુજરાત બંધનું ગુરૂવારે એલાન કરવામાં આવ્યુ હતુ. પાસના બંધના એલાનનો અરવલ્લી જિલ્લામાં ફ્લોપ શો રહ્યો હતો અને જનજીવન યથાવત જોવા મળ્યુ હતુ.

પાસ દ્વારા પાટીદાર યુવકના અપમૃત્યુ કેસમાં અપાયેલા ઉત્તર ગુજરાત બંધના એલાનના પગલે અજંપાભરી સ્થિતિ પ્રવર્તી હતી પરંતુ ગુરૂવારે અરવલ્લી જિલ્લામાં પાસના ઉત્તર ગુજરાત બંધની જાણે હવા નીકળી ગઈ હોય તેમ જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહિત માલપુર, બાયડ, મેઘરજ, ધનસુરા, ભીલોડા, શામળાજી સહિત ગ્રામ્ય વિસ્તારોમાં તમામ ધંધા-રોજગાર




અને બજારો ખુલ્લા રહ્યા હતા. પાટીદાર આંદોલનના જિલ્લામાં એ.પી. સેન્ટર ગણાતા બાયડ અને મોડાસા શહેરમાં પોલીસતંત્ર દ્વારા કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જિલ્લામાં સવારની સ્કૂલો પણ ખુલ્લી હતી. અરવલ્લી જિલ્લામાં પાટીદાર સંગઠન પાટીદાર આંદોલન સમયે આક્રમક બન્યુ હતુ ત્યારે હાલ પાટીદાર સમાજ અને પાસના સદસ્યોએ આક્રમકતા ગુમાવી દીધી હોય તેવુ લાગી રહ્યુ છે. અરવલ્લી જિલ્લામાં બંધના એલાનનો ફ્લોપ શો રહેતા વહીવટીતંત્ર અને પોલીસતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

મોડાસા શહેરમાં બાયપાસ રોડ પર આવેલી લેઉઆ પાટીદાર સમાજવાડી નજીક પાટીદારો એકઠા થયા હોવાની વાત વહેતી થઈ હતી પરંતુ આ અંગે પાટીદાર સમાજના અગ્રણીઓનો સંપર્ક કરાતા પાટીદાર સમાજના લોકો એકઠા થયા હોવાની વાત ખોટી વહેતી થઈ હોવાનુ જણાવ્યુ હતુ.

# વાવ તાલુકાના ગામોમાં યોજાયો ઉલ્લાસપૂર્વક પ્રવેશોત્સવ

પાલનપુર, તા. ૮

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૭ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના વાવ મુકામે પ્રાથમિક શાળા નં. ૨ અને મહેતા એન.એસ. વિનયમંદિર હાઈસ્કૂલ વાવ મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાના નાનાં બાળકોને હરખથી શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. આવા આનંદભર્યા માહોલમાં મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે બાળકોને મોં મીઠું કરાવીને હર્ષભેર શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.



આ પ્રસંગે મંત્રીના હસ્તે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ દાતાઓનું અને વયોવૃદ્ધ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અગ્રણીઓ સર્વ અરવિંદભાઈ મહેતા, હરીસિંહ વેંજીયા, જી. પ્રાથમિક શિક્ષણાધિકારી, ડૉ. દિપકભાઈ દરજી, જિલ્લા શિક્ષણાધિકારી રાવલ, મામલતદાર વી.એસ. ચારણ સહીત અધિકારીઓ, સરપંચો, શિક્ષકો તથા વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં કોંગ્રેસ અને પાટીદાર યુવા સંગઠને કલેકટરને આપ્યું આવેદનપત્ર

મહેસાણા માં થયેલા પાટીદાર યુવક નું કસ્ટડીમાં મોત પગલે આજે પાટીદાર યુવા સંગઠન તેમજ કોગ્રસ દ્વારા ઉત્તર ગુજરાત બંધનું એલાન આપ્યું હતું જેના પગલે બનાસકાંઠા જિલ્લા ના મુખ્ય મથક પાલનપુર માં કોંગ્રેસ અને પાટીદાર સંગઠન એ જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપ્યું હતું કાયદો અને વ્યવસ્થા ને લઈને જિલ્લા પોલીસ દ્વારા પોલીસ જવાનો સવાર થી જ મુખ્ય માર્ગો પર તૈનાત કરવામાં આવ્યા હતા.

જો કે સવાર થી જ પાલનપુર શહેર બજાર રાબેતા મુજબ શરૂ થઈ ગયું હતી જો કે બપોર ના સમય માં પાટીદાર યુવાનો પાલનપુર શહેર ની દુકાનો ને બંધ કરવા નીકળ્યા હતા જો કે ઉત્તર ગુજરાત ના બંધ ના એલાન નું પાલનપુર શહેર ને મિશ્ર પ્રતિસાદ મળ્યું હતું શહેર ની મોટાભાગ નો દુકાનો દિવસભર ચાલુ રહી હતી બનાસકાંઠા માં પાટીદાર યુવા સંગઠન દ્વારા જિલ્લા કલેકટર ને આવેદન આપી વિરોધ પ્રગટ કરી મહેસાણા ના મૃતક ને ન્યાય માટે ની માંગ કરી હતી.

## વાવ શાળા નં. ૨ના નવિન મકાનનું મંત્રીના હસ્તે લોકાર્પણ

વાવ, તા. ૮

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન વાવ પ્રાથમિક શાળા નં. ૨ માં રૂ. ૬૮.૫૧ લાખના ખર્ચથી નિર્માણ પામેલ નવિન મકાનનું મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે રાજ્યભરની શાળાઓને જરૂરી તમામ સુવિધાઓથી સજ્જ કરવામાં આવી છે. જેનાથી વિદ્યાર્થીઓ સરળતાથી ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે.

# પાલનપુર તાલુકાના ગામોમાં પ્રવેશોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૮

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૭ પ્રસંગે કેન્દ્રીય સુક્ષ્મ, લઘુ અને મધ્ય ઉદ્યોગ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના સુંઢા, કુંભલમેર અને મોટા મુકામે બાળકોને શાળામાં પ્રવેશ અપાવી ઉજ્જવલ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.




શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાના નાના બાળકોને હરખથી શાળામાં પ્રવેશ અપાવવા આવે છે. આવા આનંદભર્યા માહોલમાં કેન્દ્રીયમંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે બાળકોને કુમકુમ તિલક કરી, મોં મીઠુ કરાવીને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓ અને દાતાઓનું કેન્દ્રીય મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અગ્રણીઓ સર્વ સ્વામી આનંદ રાજેન્દ્ર, પાલનપુર માર્કેટયાર્ડના ચેરમેન જાલમભાઈ ભુતેડીયા, અમરતભાઈ દેસાઈ, ગણેશભાઈ પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર એચ.બી. રાણા, મેડીકલ ઓફીસર ડૉ. નીતાબેન પટેલ સહીત અધિકારીઓ, સરપંચો, બી.આર.સી. અને સીઆરસી કો ઓર્ડીનેટરો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા પોલીસ વડાની કચેરી સામે ડીસાના યુવાને ઝેર પી લેતા ચકચાર

ડીસા ના યુવાન એ આજે જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર ની કચેરી આગળ ઝેર પી લેતા ચકચાર મચી ઠાકોર ગઈ હતી છેલ્લા કેટલાય સમય થી કોઈ શખ્સ દ્વારા ધમકી મળતી હતી આ બાબતે ડીસા પોલીસ ને જાણ કરવા છતાં પોલીસ એ કોઈ પગલાં નહિ લેતા આખરે માનસિક રીતે કંટાળી ને ન્યાય ગુહાર માટે જિલ્લા પોલીસ વડા ને કચેરી આવ્યો હતો ઘટના સ્થળે થી મળતી માહિતી મુજબ ડીસા ના દિનેશ અંબાલાલ સુથાર ને ડીસા ના કોઈ ઠાકોર શખ્સ દ્વારા નાણા ની લેવડ દેવડ ના મામલે વારંવાર ધમકી મળતી હતી જો કે આ અંગે ની જાણ ડીસા પોલીસ મથક ને કરવા છતાં પોલીસ એ ફરિયાદ લેવાનો ઈન્કાર કરી દીધો હતો આજે ન્યાય ની અપેક્ષા એ જિલ્લામાં એસપી તરીકે મોભા ના નામ હાંસલ કરનાર નીરજ બડગુજર ને દિનેશ સુથાર પોતાની આપવીતી રજુ કરવા માટે આવ્યો હતો.

# બાયડના જીતપુર ગામે વિધવા અને તેની ચાર દિકરીઓને જાહેરમાં ફટકારી ફાડ્યા કપડાં

બાયડ તાલુકાના જીતપુર ગામના પંચાલ પરિવારની દિકરીઓ સામે છેલ્લા કેટલાય સમયથી સમાજના જ ૨-૩ યુવાનો ખરાબ મંગળવારે બપોરે પંચાલ પરિવારની દિકરીઓ આંગણા આગળ કચરો વાળતી હતી અને કચરો સામાન્ય ઉડી સામેના ઘેર જતાં હુમલાની રાહ



નજરે જોતા હતા પરંતુ તેમની દાળ ગળતી ન હતી. જેથી યુવાનો મનોમન લાંબા સમયથી ખીજ હતા. જોઈને બેઠેલા પંચાલ પરિવારના ૪ જણે વિધવા અને તેની દિકરીઓ ઉપર તુટી પડ્યા હતા તેમના કપડાં ફાડી નાખવાની સાથે બેઈજ્જત થાય તે પ્રકારની હરકત કરતાં સમગ્ર ગામમાં સનસનાટી મચી ગઈ હતી.

વિધવા અને તેની દિકરીઓ ફાટેલા કપડે ફરિયાદ માટે આંબલિયારા પોલીસ સ્ટેશને પહોંચ્યા ત્યાં પોલીસે નારી સન્માનની ભાવના દેખાડવાના બદલે કલાક પછી આવો, સાહેબ જમવા ગયા છે તેમ કહી ધોમધખતા તાપમાં બહાર ધોખાવી રાખ્યા હતા. જિલ્લા પોલીસ વડાએ સદર બનાવની નિષ્પક્ષ તપાસ કરાવી હુમલાખોરો સામે કાર્યવાહી કરવા આદેશ આપવા રહ્યા. આ અંગે સમાધાન થઈ જતા કોઈ ફરીયાદ થવા પામી નથી.

# ડીસામાં ગેરકાયદેસર મકાન પર કબ્જો જમાવી દેતા પીડિત પરિવાર દ્વારા જિલ્લા પોલીસવડાને રજૂઆત

ડીસા માં ગેરકાયેદેસર રીતે રહેણાંક મકાન પચાવી પાડવાંના ઈરાદે ખોટા દસ્તાવેજી પુરાવા તૈયાર કરી ખત્રી પરિવારે માળી ના મકાન પર કબ્જો જમાવી દીધો છે આ બાબતે ફરિયાદી હરેશ બાબુલાલ શાંખલા એ ઉત્તર પોલીસ મથક માં હીરામાણી દેવીલાલ ખત્રી સહિત ચાર જાણ સામે ફરિયાદ આપવા છતાં પોલીસ એ આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરી નથી જો કે ડીસા ની ઉત્તર પોલીસ કોઈ પગલાં નહિ લેતા પીડિત પરિવાર જિલ્લા પોલીસ વડા ની કચેરીએ રજૂઆત કરવા આવી પોહ્ચ્યો હતો ડીસા શહેર માં બી.કે. ગેલેક્સિ ખાતે રહેતા હીરામણી દેવીલાલ ખત્રી ને શામળભાઈ માળી એ મકાન રહેવા આપ્યું હતું દરમ્યાન શામળ માળીનું મોત થતા આ મકાન પચાવી પાડવા માટે ખત્રી પરિવાર દ્વારા પ્રયાસો શરૂ કરાયા હતા. અને



ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરીને ખત્રી પરિવાર એ ૨૧ લાખ મુર્તક શામળભાઈ માળી પાસે માંગતા હોવાનું ખોટો દાવો કર્યો હતો જો કે હાલ માં આ મકાન અસલ માલિક ના નામે હોવા છતાં ડીસા ના ખત્રી પરિવાર એ મકાન પડાવી લેવાના ઈરાદે કબ્જો જમાવીને બેઠા છે શામળભાઈ માળી નું દુઃખદ અવસાન બાદ તેમનું પરિવાર પણ મુશ્કેલી આવ્યું ગયું છે ત્યારે ડીસા પોલીસ પાસેથી યોગ્ય ન્યાય નહિ મળતા પીડિત પરિવાર જિલ્લા પોલીસ વડા ને કચેરી એ એસ પી નીરજ બડગુજર ને રજુઆત કરવા આવ્યું પોહ્ચ્યું હતી મુર્તક શામળભાઈ માળી ના પુત્ર રાજે વાતચીત માં કહયું હતું કે મારા પિતા અવસાન બાદ ખત્રી પરિવારે અમારું મકાન પચાવી લીધી છે અને કેટલાક શખ્સો દ્વારા વારંવાર ધમકી આપે છે જેને લઈને એસ પી રજુઆત કરવા માટે આવ્યા છીએ.

# ધાનેરામાં આવેલ સીટી સર્વેની કચેરી ભગવાન ભરોસે ચાલે છે

ધાનેરામાં આવેલ સી.ટી. સર્વેની કચેરી માં અનેક લોકોની ફરીયાદ હોય છે અને ઓફિસમાં કોઈ અધિકારી મળતુ નથી અને દરવાજા ની ઉપર તાળું જોવા મળે છે.

ધાનેરા તાલુકો વિસ્તાર હોવાથી રોજ-જે- રોજ લોકોને કામ રહેતું હોયછે પરંતુ આ કચેરી માં અધિકારી કે પટાવાળા ઓ હાજર જોવા મળતા નથી આમ અંધેર હાલતમાં ચાલતી આ કચેરી ની જવાબદારી કોની..?

વળી અમુક સમયે અધિકારી મળતાં કામની તારીખ આપવામાં આવેલ છે જે તારીખ બાદ પણ અધિકારી હાજર મળતા નથીં જેથી એક કામ માટે ૩૦ દિવસ સુધી તપાસ કરવા નો સમય આપવામાં આવે છે છતાં તપાસ નો સમય પૃણ થયા બાદ લોકો ને ધકકા ખાવા પડે છે. તો ઉપરોક્ત અધિકાર ઓ પર જે તે ખાતાના જિલ્લા અધિકારીઓ ઓચિંતી તપાસ કરી હાજર ન રહે તા અધિકારી પર કાર્યવાહી કરશે તેવી લોકો ની માંગ છે.